# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: SUNDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જાનુ પરમાર વાંચે છે.**

---

- ભગવાન જગન્નાથ આજે નગરચર્યાએ – ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું.
- મુખ્યમંત્રીએ પહિંદ વિધિ કરી – કેન્દ્રિય ગૃહમંત્રીએ મંગળા આરતી કરી.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદ ખાતે પાટીદાર ભવન અને સ્લીમ્સ હોસ્પીટલનું લોકાર્પણ કર્યું.
- સુરતના પાલીગામમાં ઇમારત ધરાશયી થવાની ઘટનામાં સાતના મોત – 3 વિરૂદ્ધ તપાસ હાથ ધરાઇ.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Rathyatra

આજે અષાઢી બીજે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઇ બલરામ સાથે નગરચર્યાએ નીકળ્યા છે. રાજયભરમાં અનેક શહેરોમાં ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા ધામધૂમપૂર્વક ભકતોના ઘોડાપુર વચ્ચે યોજાઇ છે.

મુખ્ય રથયાત્રા અમદાવાદના જગન્નાથ મંદિર ખાતે યોજાઇ છે. મુખ્યંમત્રી ભૂપેન્દ્ર પટેલે વહેલી સવારે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથ અને રથનું પૂજન કરી પહિંદ વિધિ કરી હતી. ભગવાના રથની સોનાની સાવરણીથી પહિંદવિધિ સંપન્ન કરી મુખ્યમંત્રીએ રથયાત્રાને પ્રસ્થાન કરાવી હતી.

મુખ્યમંત્રી રથયાત્રાને સાચા અર્થમાં લોકઉત્સવ ગણાવી સૌ નાગરીકોને રથયાત્રા પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. અને રાજય સહિત દેશમાં સદભાવના, એકતા, શાંતિ અને સમૃદ્ધિ બની રહે તેવી પ્રભુ જગન્નાથને પ્રાર્થના કરી હતી.

આ પાવન પર્વે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે વહેલી સવારે મંગળા આરતીનો લાભ લીધો હતો. રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ રથના દર્શન કરી પૂજા કરી હતી.

રથયાત્રાનો સમગ્ર રૂટ જય જગન્નાથ, જય રણછોડ-માખણ ચોરના નાદથી ગુંજી ઉઠ્યો છે. ચારેકોર માનવ મહેરામણ ભગવાનના દર્શનાર્થે ઉમટ્યો છે. રથયાત્રામાં 18 ગજરાજ, 101 ઝાંખી દર્શાવતા ટ્રક, 30 અખાડા, 18 ભજનમંડળી, 3 બેન્ડવાજા જોડાયા હતા. રથ ખેંચવા 1 હજારથી વધુ ખલાસીઓ જોડાયા છે. રથયાત્રામાં 30 હજાર કિલો મગ, 500 કિલો જાંબું, 300 કિલો કેરી, 400 કીલો કાકડી, સહુતનો પ્રસાદ આપવામાં આવ્યો.

મુખ્યમંત્રીએ તેમના નિવાસસ્થાનેથી સી.એમ.ડેશ બોર્ડના વિડિયો પર રથયાત્રાનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. મુખ્યંમત્રીએ અડાલજના જગન્નાથ મંદિર ખાતેથી પણ રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

રથયાત્રામાં 18 હજારથી વધુ સુરક્ષાકર્મીઓ તૈનાત કરાયા છે. 47 સ્થળો પરથી 96 કેમેરા, 20 ડ્રોન, 1 હજાર બોડીવોર્ન કેમેરા દ્વારા રથયાત્રા પર ચાંપતી નજર રાખી રહ્યા છે. રથયાત્રા રૂટ પર દુકાનદારો દ્વારા લગાવવામાં આવેલા 1400 જેટલા સીસીટીવી કેમેરાની મદદથી પોલીસ કંટ્રોલરૂમ દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. રથયાત્રા રૂટ પર મેડીકલ ટીમો, એમ્બ્યુલન્સ, જન સહાયતા કેન્દ્રો પણ ઉભા કરાયા છે. દરમ્યાન, 13 લોકોને બેભાન થઇ જવા, ચક્કર આવવા, ઉલટી થવી જેવી ફરિયાદો થતા તબીબી સહાય પૂરી પડાઇ હતી.

રથયાત્રા દરમ્યન કોમી એખલાસના સુંદર દ્રશ્યો જોવા મળ્યા, દરિયાપુરમાં મુસ્લિમ આગેવાનોએ રથનું સ્વાગત કર્યું હતું. હાલ, રથયાત્રા દરિયાપુરથી આગળથી દિલ્હી ચકલા પહોંચી છે.

## Rathyatra jilla

રાજયભરમાં વિવિધ જીલ્લાઓમાં પણ ભગવાન જગન્નાજીની રથયાત્રા પરંપરાગત યોજાઇ રહી છે.

સુરતના અમરોલી વિસ્તારમાં ભગવાન જગન્નાજીની રથયાત્રા યોજાઇ જેમાં રાજયમંત્રી મુકેશ પટેલે દ્વારા પહિંદ વિધિ કરવામાં આવી હતી. જેમાં શ્રદ્ધાળુઓ સાથે મહાનુભાવોએ પણ રથયાત્રાના દર્શન કર્યા હતા.

વલસાડ જીલ્લાના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર વલસાડના છીપવાડ જગન્નાથ મંદિરેથી 29મી રથયાત્રા નીકળી હતી. રથયાત્રાના રૂટો પર ભકતો દર્શનાર્થે ઉમટ્યા હતા. સાંસદ ધવલ પટેલ સહિત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

અમારા મોરબી જીલ્લાના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર આજના અષાઢી બીજના દિવસે મોરબીમાં વર્ષોથી પરંપરાગત રીતે મચ્છુ માતાજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ રથયાત્રમાં માલધારી સમાજ સહિતના શ્રદ્ધાળુઓ પરંપરાગત વેશભૂષા ધારણ કરી રથયાત્રામાં જોડાયા છે.

અમારા પાટણ જીલ્લાના પ્રતિનિધિ જણાવ્યા અનુસાર ભગવાન જગન્નાજીની 142મી રથયાત્રામાં કેબિનેટમંત્રી બળવંતસિંહ રાજપૂત અને સાંસદ ભરતસિંહ ડાભીની ઉપસ્થિતિમાં પહિંદવિધિ કરવામાં આવી હતી.

મહીસાગર જીલ્લાના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર બાલાસિનોરમાં ભગવાન જગન્નાજીની પરંપરાગત શોભાયાત્રા નીકળી હતી. જેમાં ભારે સંખ્યામાં નગરજનો ભગવાનની રથયાત્રામાં જોડાયા હતા.

સાબરકાંઠાના ઇડરમાં તો, તાપી જીલ્લાના વ્યારામાં પણ જય રણછોડ, માખણચોરના ગગનભેદી નાદ સાથે રથયાત્રા નીકળી હતી.

(બાઇટ-મહંત, તાપી)

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં શ્રી જગ્નાથજીની રથયાત્રામાં ધાર્મિક વેશભૂષા સાથે અસંખ્ય લોકો જોડાયા હતા.

બોટાદના સાળંગપુરધામ ખાતે કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને રથયાત્રાના નિમિત્તે દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. હનુમાનજી મહારાજને જાંબુડાનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

છોટાઉદેપુર જીલ્લાના પ્રતિનિધિ રાજેશ રાઠવાએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ-રાજેશ રાઠવા)

નવસારી જીલ્લાના ચિખલીમાં 34 વર્ષની જૂની પરંપરા મુજબ તો બીલીમોરામાં 37મી રથયાત્રા નીકળી હતી. શણગારેલા રથ, ભગવાનનું મનમોહન સ્વરૂપ અને ભજનીકોની રમઝટ સાથે અસંખ્ય ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચ, ઝઘડિયા અને અંકલેશ્વર ખાતે યોજાયેલી રથયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. ગઢડા ખાતે યોજાયેલી રથયાત્રાને મંત્રીશ્રી નીમુબેન બાંભણીયાએ પ્રસ્થાન કરાવી હતી.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

**AMIT SHAH- AHMEDABAD**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં અમીન P.J.કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું કે, છાત્રાલયો શિક્ષણ સાથે વ્યક્તિત્વના ઘડતરનો મજબૂત આધારસ્તંભ છે. શ્રી અમિત શાહના નેતૃત્વમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવી કામગીરી થઇ રહી છે.

ઉલ્લેખનીય છે કે, 50 કરોડના ખર્ચે તૈયાર થયેલ 245 રૂમવાળા આ આધુનિક ભવનમાં 1 હજાર વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા કરાઇ છે. સસ્તા દરે રહેવાની વ્યવસ્થા અને વાતાનુકૂલિત રૂમ સાથે આ ભવનો વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે સહયોગી થશે.

આ ઉપરાંત, શ્રી શાહે અમદાવાદની નવનિર્મિત મલ્ટી સ્પેશિયાલિટી સ્લીમ્સ હોસ્પિટલનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. આ હોસ્પિટલ 30 કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. આ 8 માળની હોસ્પિટલમાં OPD સુવિધાઓની સાથે રોબોટિક સર્જરી અને કાર્ડિયાક કેર સેન્ટર જેવી અત્યાધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. શ્રી શાહે આ ઉદઘાટન પ્રસંગે કહ્યું કે, આધુનિક સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલ વિસ્તારની તબીબી જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદરૂપ થશે.

## Accident

સુરતના પાલીગામમાં પાંચ માળની ઇમારત ધરાશયી થવાની ઘટનામાં 3 લોકો વિરૂધ્ધ તપાસ હાથ ધરાઇ છે.

ઉલ્લેખનીય છે કે, ગઇકાલે બનેલી આ દુર્ઘટનામાં સાત વ્યક્તિઓના મોત થયા છે. જયારે ફાયરબ્રિગેડ દ્વારા એક મહિલાને બચાવી લેવાઇ છે. આ અંગે વધુ માહીતી આપતા સુરતના એસ.પી. ગોહિલે આ મુજબ જણાવ્યું.

(બાઇટ- સુરતના એસ.પી. ગોહિલ)

દરમ્યાન, વલસાડ તાલુકાના ધરાસણા ગામે આજે ભારે પવનના કારણે એક મકાન તૂટી પડતા મકાનમાં સૂઇ રહેલી મહિલા દબાઇ જવાની ઘટના બની છે. જો કે, ગ્રામજનો દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી કરાતા મહિલાનો બચાવ થયો છે.

અન્ય એક ઘટનામાં દીવના વણાકબારા ખાતે ફાયબરની બોટમાં આગ લાગતા અફરાતફરી મચી હતી. જો કે, માછીમારો દ્વારા દરિયાના પાણીના છંટકાવ કરી આગને કાબૂમાં લીધી હતી. બાદમાં ફાયરબ્રિગેડે પણ આગ ઓલવવાની કામગીરી કરી હતી.

## service fair

અમદાવાદના નારણપુરા ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળો 2025ના કાર્યાલયનું આજે ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતી મિહિરભાઈ પંડ્યા અને ચીમનભાઈ અગ્રવાલની ઉપસ્થિતિમાં આ કાર્યાલયનો આજે વિધિવત પ્રારંભ કરાવવામાં આવ્યો છે . ભારતીય હિન્દુ સંસ્કૃતિના અધ્યાત્મિક વારસા અને જ્ઞાનનો પ્રચાર- પ્રસાર થાય તેવા ઉદેશથી આ કાર્યાલયની શરૂઆત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદના જીએમડીસી મેદાન ખાતે આગામી 23 થી 25 જાન્યુઆરી દરમિયાન ભવ્ય સંસ્કૃતિ મેળાનું આયોજન કરવામાં આવશે. જેનું સંકલન અને સંચાલન આ કાર્યાલય દ્વારા કરવામાં આવશે. સાથે સાથે ગુજરાતમાં રહેલી સેવાભાવી અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા જે સેવાના કાર્યો થઈ રહ્યા છે તેનું સંકલન પણ કરવામાં આવશે.

યુવાનો અને સમાજમાં , લોક સેવા પ્રત્યે જાગૃતતા આવે તે માટે આ હિન્દુ અધ્યાત્મિક અને સેવા મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

## Mulakat

પોરબંદર જીલ્લા વિકાસ અધિકારીએ આજે કુતિયાણા તાલુકાના દેવડા ગામની આકસ્મીક મુલાકાત લઇ વિવિધ સેવા સુવિધાઓનું નીરીક્ષણ કર્યું હતું.

તેમણે ગ્રામપંચાયત કચેરી, આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી શાળા, સસ્તા અનાજની દુકાનની મુલાકાત લઇ આરોગ્યલક્ષી સુવિધા, સફાઇ, પાણી, મધ્યાહન ભોજન, સ્માર્ટકલાસ, સરકારી રેકોર્ડની તપાસણી કરી હતી. દર્દીઓ, તથા લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.